GJSK050014682019	આંક–	૧૨૫
	કેસ દાખલ તા:	૦૬/૧૧/૨૦૧૯
	કેસ રજી.તા:	૦૬/૧૧/૨૦૧૯
	કેસ ફેસલ તા:	૦૮/૦૬/૨૦૨૬
	સમય ગાળો:	વર્ષ–માસ–દિવસ
		૦૬–૦૭–૦૨

ફોર્મ–એ

ખેડબ્રહમાના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (કે.જે.રાઠોડ) સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ખેડબ્રહમા **(જજમેન્ટ આપ્યાની તારીખ : ૦૮.૦૬.૨૦૨૬)** **(કેસ નં.૧૩૫૪/૨૦૧૯)** **(ગુન્હાની કલમ– ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકની કલક–૧૩૮ મુજબ)**	
ફરીયાદી	જાની ભુપેન્દ્રકુમાર જેઠાલાલ, ઉ.વ.૬૩, ધંધો–નિવૃત્ત,રહે.ખેડબ્રહમા,તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા
ફરીયાદી પક્ષ તરફે વિ.વ.શ્રી	એમ.જે.પટેલ.
આરોપી	ગમાર હોમીરાભાઈ પોકતાભાઈ, રહે.ઉબરવા (છોછર દેલવાડા), તા.પોશીના, જી.સાબરકાંઠા.
આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી	જે.એન.પરમાર.

ફોર્મ–બી

પ્લી લેવાની તારીખ	તા.૦૩/૦૮/૨૦૨૧
પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ	તા.૦૩/૦૯/૨૦૨૧
દલીલ સાંભળેલ તારીખ	તા.૧૧/૦૫/૨૦૨૬
જજમેન્ટ આપ્યાની તારીખ	તા.૦૮/૦૬/૨૦૨૬
સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો)	––

આરોપીની વિગતો

આરોપીની સંખ્યા	આરોપીનું નામ	અટક કર્યાની તારીખ	જામીન પર મુકત કર્યાની તારીખ	ગુનાઓના આરોપસર	સજા/ નિર્દોષ	ફરમાવેલ સજા	કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ ના હેતુસર
એક (૦૧)	ગમાર હોમીરા ભાઇ પોકતા ભાઇ	–	–	ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.	નિર્દોષ	–	–

ફોર્મ–સી

એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

નં.	નામ	આંક
૧.	ફરીયાદી જાની ભુપેન્દ્રકુમાર જેઠાલાલનુ સરતપાસનું સોગંદનામું	૮૨

બી– આરોપીપક્ષના સાક્ષી :–

નં.	નામ	આંક
૧.	–	–

સી–કોર્ટ તરફેના સાક્ષી :–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર
CW1	–	–
CW2	–	–

એ– ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–

નં.	વિગત	આંક
૧.	કાઉન્ટર ફોઇલ	૬૪
૨.	આરોપીએ આપેલ ચેક નં.૬૬૭૮૨૦	૬૫
૩.	બેન્કે આપેલ જાણપત્ર	૬૬
૪.	ચેક રીર્ટન મેમો	૬૭

૫.	આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત	૬૮
૬.	આરોપીને વતનના સરનામેં આર.પી.એ.ડી.થી કર્યા અંગેની સ્લીપ	૬૯
૭.	આરોપીને નોટીસ બજી ગયેલાની પોસ્ટની એકનોલોજમેન્ટ પાવતી	૭૦
૮.	ખેડબ્રહમા પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદ	૭૧
૯.	કાઉન્ટર ફોઇલ	૭૨
૧૦.	ચેક રીર્ટન મેમો	૭૩
૧૧.	ચેક રીર્ટન મેમો	૭૪
૧૨.	આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત	૭૫
૧૩.	આરોપીને બન્ને સરનામેં આર.પી.એ.ડી.થી કર્યા અંગેની સ્લીપ	૭૬
૧૪.	આરોપીને નોટીસ બજી ગયેલાની પોસ્ટની એકનોલોજમેન્ટ પાવતી	૭૭
૧૫.	ફરીયાદીના ખાતાનુ સ્ટેટમેન્ટ	૯૨
૧૬.	ફરીયાદીનુ વર્ષ–૨૦૧૮–૧૯ નુ આઇ.ટી.આર.ફોર્મ	૯૫
૧૭.	ફરીયાદીનુ વર્ષ–૨૦૧૯–૨૦૨૦ નુ આઇ.ટી.આર.ફોર્મ	૯૬

<u>બી–આરોપીપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–</u>

નં.	વિગત	આંક
૧.	ક્રિ.કેસ નં.૧૪૫૨/૧૯ ના કામે નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં કરેલ અપીલની સર્ટીફાઇડ નકલ	૧૧૩

<u>સી–કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–</u>

નંબર	આંકના નંબર	વિગત
૧.	આંક D-1/DW 1	–
૨.	આંક D-2/DW 2	–

<u>–: ચુ કા દો :–</u>

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ફરીયાદી ખેડબ્રહમા મુકામે રહે છે અને ધી સાબરકાંઠા ડી.કો.ઓ.બેન્કમાંથી નિવૃત્ત થયા પછી તેઓના ઘરે ખેડબ્રહમા મુકામે રહે છે. આરોપી ઉંબરવા (છોછર દેલવાડા) મુકામે રહે છે અને ફરીયાદી જયારે પોશીના બ્રાન્ચની સાબરકાંઠા બેન્કમાં નોકરી કરતા હતા તે સમયે આરોપી ફરીયાદીને

મળવા ઘણીવાર તેઓની બ્રાન્ચ પર આવતા હતા અને ફરીયાદીની સાસરી દેલવાડા મુકામે થતી હોઇ તેઓ તેઓની સાસરીમાં જતા આવતા હતા તે સબંધના કારણે ફરીયાદીને આરોપી સાથે પરીચય થયેલ. સદર પરીચય ગાઢ થતાં આરોપી જયારે ખેડબ્રહમા મુકામે આવતાં તે સમયે ફરીયાદીના ઘરે આવતા અને આરોપીને કાંઇ બેન્કને લગતી કનડગત હોય તો ફરીયાદી સલાહ આપતા, તે નાતે ફરીયાદી સાથે આરોપી સાથેનો સબંધ વધુ ગાઢ બનેલો. આજથી આશરે ચાર માસ ઉપરાંતના સમયગાળા એટલે કે તા.૨૮/૦૬/૧૯ દરમિયાન આરોપીને અંગત નાણાંકીય જરૂરીયાત ઉત્પન્ન થતાં આરોપીએ ફરીયાદી પાસે આવીને એવી રજુઆત કરેલ કે, તમો મને આપણા તથા તમારી સાસરીના અંગત સબંધના નાતે મને મદદ કરો નહી તો મારી સમાજમાં આબરૂ જશે અને મારુ અંગત વ્યવસાયીક કામ અટકી જશે. જેથી ફરીયાદીએ આરોપીને તેઓની અંગત બચતમાંથી આરોપીને રૂા. ૩,૦૦,૦૦૦/– રોકડ હાથઉછીના આપેલા અને ફરીયાદીને આરોપીએ જણાવેલ કે, સદર રકમ તમોને તા.૭/૮/૧૯ ના રોજ મળી જશે. ત્યારબાદ ફરીયાદીએ આરોપી પાસે ઉપરોકત નાણાંની ઉઘરાણી કરતા આરોપી ધ્વારા તા.૦૮/૦૮/૧૯ ના રોજ આરોપીના ધી દેના બેન્ક લી., લાંકડીયા શાખાના ખાતાનો ખાતા નં.૦૩૩૪૧૦૦૦૧૬૯૯ નો ચેક નં.૬૬૭૮૨૦ નો તા.૦૭/૦૮/૨૦૧૯ ની પાકતી તારીખનો રૂા. ૩,૦૦,૦૦૦/– ચેક આપેલો અને ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં જમા કરાવ્યેથી ચેકની રકમ મળી જશે. ત્યારબાદ સદર ચેક ફરીયાદીએ તેઓની ખાતાવાળી બેન્કમાં રજુ કરતાં સદરહું ચેક રીટર્ન મેમાના કારણ ''એકાઉન્ટ બ્લોકડ'' ના શેરા સાથે તા.૦૮/૦૮/૨૦૧૯ ના રોજ પરત થયેલ. ત્યારબાદ સદર ચેક પરત ફર્યા બાબતની ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલેલ અને નોટીસ મળે દિન–૧૫ માં ચેકની રકમ ફરીયાદીને વસુલ આપી જવા જણાવેલ.જે નોટીસ આરોપીને તા.૧૬/૦૮/૨૦૧૯ ના રોજ ધારાસર બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી નાણાં વસુલ આપેલ નથી કે

નોટીસનો પણ કોઈ જવાબ આપેલ નથી. ત્યારબાદ ફરીયાદીએ તા. ૧૮/૦૯/૧૯ ના રોજ ખેડબ્રહમા પોલીસ સ્ટેશન ખાતે ઈ.પી.કો. કલમ–૪૦૬,૪૨૦ મુજબની ફરીયાદ કરેલ અને સદર ફરીયાદની જાણ આરોપીને થતાં આરોપી ધ્વારા એવુ જણાવેલ કે, મારુ એકાઉન્ટ હું બ્લોકમાંથી દુર કરી દઉ છુ અને રેગ્યુલરાઈઝ કરી દઉ છુ અને તમો તા.૨૦/૦૯/૧૯ ના રોજ ચેક રજુ રાખશો તો તમારી લહેણી રકમ તમોને મળી જશે. ત્યારબાદ ફરીયાદીને આરોપીએ આપેલો ચેક તા. ૨૦/૦૯/૧૯ ના રોજ તેઓની ખાતાવાળી બેન્કમાં રજુ કરતાં સદરહું ચેક રીટર્ન મેમાના કારણ ''ફંડસ ઈન્સફીશીયન્ટ''ના શેરા સાથે તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ પરત ફરેલ.ત્યારબાદ સદર ચેક પરત ફર્યા બાબતની ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીના વતનના સરનામેં તા.૦૧/૧૦/૨૦૧૯ ના રોજ નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલેલ અને નોટીસ મળે દિન–૧૫ માં ચેકની રકમ ફરીયાદીને વસુલ આપી જવા જણાવેલ.જે નોટીસ આરોપીને તા.૧૬/૧૦/૨૦૧૯ ના રોજ ધારાસર બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી નાણાં વસુલ આપેલ નથી કે નોટીસનો પણ કોઈ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબની રકમ ફરીયાદીને નહી ચુકવી આપતાં સદર ફરીયાદીએ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ થી કલમ –૧૩૮ મુજબની ફરીયાદ આપી આરોપી વિરુધ્ધ કાયદેસર થવા અરજ ગુજારેલ છે.

(૨) ફરીયાદ રજુ થતાં આ કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૪ અન્વયે આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના પ્રોસેસ કરવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજી જતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ તથા કેસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાતરી કરી આરોપી ની ફરીયાદ હકીકત મુજબના ગુના સંદર્ભે આંક–૦૮ થી પ્લી નોંધવામાં આવેલ. સદર નિવેદનમાં આરોપીએ ગુનો કબુલ કરી નહી હોવાનું

જણાવતાં સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયા બાદ આંક–૯૭ થી તેમનો પુરાવો બંધ થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ, ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ અને તે અન્વયે આરોપીએ પોતાને સોગંદ ઉપર જુબાની આપવી ન હોવાનુ અને બચાવના સાહેદો તપાસવા હોવાનુ જણાવી વિશેષમાં તેઓ તદ્દન નિર્દોષ છે તેમજ હાલના વ્યવહાર બાબતે તેઓ કંઈ જાણતા નથી કે હાલના વ્યવહાર પેટે તેઓએ આવો કોઈ ચેક આપેલ નથી તેમ છતાં ખોટી રીતે પૈસા પડાવવા માટે હાલનો ખોટો અને ઉપજાવી કાઢેલો કેસ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી પક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયા બાદ આંક–૧૧૪ થી તેમનો પુરાવો બંધ થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ,

(૫) આ કામે ફરીયાદી પક્ષના વિ.વ.શ્રી ધ્વારા આંક–૧૧૯ થી વિતગારની લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે તેમજ બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા આંક–૧૨૨ થી વિગતવારની લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે છે. તેમજ બચાવપક્ષ તરફે નામદાર ખેડબ્રહમા કોર્ટમાં ફરીયાદીએ આરોપી સામે કરેલ ક્રિ.કેસ નં. ૧૪૫૨/૧૯ ની જજમેન્ટની નકલ રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેવામાં આવે છે.

(૬) હાલની ફરીયાદના કામે રજુ થયેલ પુરાવો અને મૌખિક રજુઆતો ધ્યાન લેતાં, સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: મુદ્દા ::

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે રૂા. ૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) નો ધી દેના બેન્ક લી.લાંબડીયા શાખાનો આરોપીના ખાતાનો ચેક નં.૬૬૭૮૨૦ નો તા.૦૭/૦૮/૨૦૧૯ નો આપેલો અને તે ચેક ફરીયાદીએ પોતાની બેન્કમાં રજુ કરતાં સદર ચેક ''ફંડસ ઇન્સફીશીયન્ટ'' ના

શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટીસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહી ચુકવી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષા પાત્ર ગુન્હો કર્યો છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મજુબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૮) આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ તથા નકકી કરવામાં આવેલા મુદ્દાના નિર્ણય પર પહોંચવા માટેના મારા કારણો– તારણો નીચે મુજબ છે.

// કા ર ણો //

મુદ્દા નં.૧ તથા ૨ પરસ્પર સંકળાયેલા હોય પુરાવા તથા કાયદાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સદર બન્ને મુદ્દાઓની ચર્ચા સંયુકત કરવી ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૧ તથા ૨ ની સંયુકત ચર્ચા કરવામાં આવે છે.

(૯) સૌપ્રથમ એ જણાવવું જરૂરી છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ધ્યાને લેતાં આ કલમમાં અમુક જોગવાઈઓ આજ્ઞાત્મક છે કે જે આ કલમ હેઠળ ફરીયાદ દાખલ કરતાં પહેલાની પૂર્વ શરતો છે, જેનું પાલન કરવું અનિવાર્ય છે, તે સિવાય આ કલમ હેઠળ ફરીયાદ લઈ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જેથી તે અંગે પ્રથમ ચર્ચા કરવી જરૂરી છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ વંચાણે લેતાં.....

Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account– Where any cheque drawn by a person on an account

maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless–

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation– For the purposes of this section, "debt or

other liability" means a legally enforceable debt or other liability.

- હાલના આ કામે કલમ–૧૩૮ માં પરંતુક (એ) પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેન્કમાં રજુ થયેલો હોવો જોઇએ. જે બાબતમાં આંક–૬૫ વાળો ચેક તા.૦૭/૦૮/૧૯ નો છે, તે ચેક આંક–૭૨ મુજબ તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ સમય મર્યાદામાં બેન્કમાં ભરાયેલ છે જે રીટર્ન થયેલ છે. જેથી ફરીયાદ પક્ષે પરંતુક (એ) નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.
- પરંતુક (બી) ધ્યાને લઇએ તો ચેક પરત આવ્યાથી દિન–૩૦ માં ચેકની રકમની માંગણી કરતી લેખીત નોટીસ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઇએ. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રીટર્ન મેમો જોતાં તેમાં ચેક તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ પરત ફરેલ છે. જેમાં તે ''ફંડસ ઇન્સફીશીયન્ટ'' ના શેરા સાથે પરત આવેલ છે. જયારે આંક–૭૫ થી રજુ થયેલ નોટીસમાં તે નોટીસ તા.૩૦/૦૯/૨૦૧૯ ના રોજ ગમાર હોમીરાભાઇ પોકતાભાઇને જારી કરેલાનું જણાય છે. એટલે કે, ફરીયાદીને ચેક પરત ફર્યાની જાણ તા.૨૧/૦૯/૨૦૧૯ ના રોજ થયા બાદ દિન–૩૦ માં એટલે કે તા.૩૦/૦૯/૨૦૧૯ ના રોજ આરોપીને નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીના રહેણાંકના સરનામેં આપવામાં આવેલ છે.આમ,ફરીયાદએ ચેક પરત ફર્યાની જાણ થયાના દિન–૩૦ માં તે ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને આપેલ છે. જેથી ફરીયાદી ધ્વારા કલમ–૧૩૮ ના પરંતુક(બી) નું પાલન કરવામાં આવેલ છે.
- વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને આંક–૭૭ થી રજુ દસ્તાવેજ ધ્યાને લેતાં ફરીયાદી ધ્વારા જે રજીસ્ટર એ.ડી.થી આરોપીને નોટીસ મોકલવામાં આવેલ અને તે નોટીસ આરોપીને બજી ગયેલ છે અને આ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણાં ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે તેમજ આ કામે આરોપીએ તેવી કોઇ રકમ ચુકવ આપ્યાનો બચાવ પણ લીધેલ નથી. જેથી ફરીયાદ પક્ષ, કલમ –૧૩૮ ના પરંતુક (સી) મુજબનું પાલન આરોપી ધ્વારા કરેલ ન

હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે.

- ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૪૨(બી) વંચાણે લેતાં તમામ આજ્ઞાત્મક જોગવાઈનું પાલન થયા બાદ હાલની આ ફરીયાદ મુદતમાં કોર્ટ સમક્ષ દાખલ થયેલ છે. આમ, આ ફરીયાદ તમામ આજ્ઞાત્મક પુર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ મુદતમાં છે જેનો કોઇ બાધ નડતો નથી.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હો પુરવાર કરવા માટે આંક–૮૨ થી ફરીયાદી જાની ભુપેન્દ્રકુમાર જેઠાલાલ તેમનું પુરાવારૂપી સોગંદનામું રજુ કરી સદર પુરાવારૂપી સોગંદનામાંની સરતપાસમાં આંક–૦૧ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન આપતી વિગતો જણાવેલ છે. જેથી પુરાવાનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર સરતપાસની હકીકત લખવામા આવેલ નથી. ફરીયાદીની આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હું ખેડબ્રમાનો વતની છુ અને આરોપી ઉંબરવા ગામના વતની છે. એ વાત ખરી છે કે, હું બ્રાહમણ જ્ઞાતીનો છુ અને આરોપી આદિવાસી સમાજના છે. એ વાત ખરી છે કે, કોઇ વ્યકતી સાથે સબંધ હોય તો તેના પરીવારને ઓળખતા હોઇએ. હું આરોપીના ઘરે એક વાર ઘણા સમય પહેલા ગયેલ છુ. આરોપી મારા ઘરે પણ આવેલ છે. હું સાબરકાંઠા ડી.સે.કો.ઓ.બેંક.લી. માં નોકરી કરતો હતો અને તા. ૧૫/૦૩/૨૦૧૪ ના રોજ નિવૃત થયેલ છુ. હું બેંકની શાખામાં વર્ષમાં ૨ થી ૩ વાર જાઉ છુ. હું બ્રાન્ચ મેનેજરની પોસ્ટ ઉપરથી નિવૃત થયેલ છુ. હું સને–૨૦૧૪ માં નિવૃત થયેલ ત્યારે મને ગ્રેજયુઇટી તરીકે રૂ. ૨૭,૦૦,૦૦૦/– મળેલા. એ વાત ખરી છે કે, આ રકમ મળેલાની અમોએ વ્યવસ્થા કરેલી. આ રકમ માંથી રૂ. ૨૧,૦૦,૦૦૦/– ની એફ.ડી કરાવેલ અને રૂ. ૨,૦૦,૦૦૦/–હાઉસીંગ લોનમાં ભરેલા અને બીજી રકમ ઘરમા વાપરેલી. મે આ સીવાય અન્ય કોઇ વ્યકતી સામે એન.આઇ.એકટની કલમ ૧૩૮ મુજબના કેસ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે ખેડબ્રહમા કોર્ટમાં આરોપી કનુભાઇ પોકતાભાઇ સામે ચેકનો કેસ કરેલો આ કેસ પુરો થયેલ છે અને અમે જીતી ગયેલ છીએ. એ વાત

ખરી છે કે, રૂ. ૩,૦૦,૦૦૦/- તે મોટી રકમ કહેવાય. એ વાત ખરી છે કે, કોઈને રૂ. ૩,૦૦,૦૦૦/- આપવા હોય તો તેના માટે સગવડ કરવી પડે. આરોપીને આ રકમ મારી પાસે થોડા પડેલ હતા અને થોડા બેંક માંથી વટાવીને લાવેલ તે આપેલ. એ વાત ખરી છે કે, મે એફ.ડી.વટાવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, એફ.ડી.વટાવીએ તો જે તે ખાતા ધારકના ખાતામાં જમા થાય. મે રૂ. ૫,૦૦,૦૦૦/- ની એફ.ડી. વટાવેલી તેનુ સ્ટેટમેન્ટ કોર્ટમાં રજુ કરવા તૈયાર છુ. <u>આજરોજ હું મારા ખાતા વાળી ધી.સા.કા.જીલ્લા.મધ્યસ્થ સહકારી બેંક લી. ખેડબ્રહ્મા શાખામાં ચાલતા મારા બેંક એકાઉન્ટના તા. ૦૧/૦૬/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધીના સમય ના સ્ટેટમેન્ટની કોપી લાવેલ છુ. જે નામદાર કોર્ટમાં રજુ કરુ છુ.</u> જેમાં મારી અલગ અલગ એફ.ડી વટાવેલ તેની નોંધ થયેલ છે. જે સ્ટેટમેન્ટની કોપી આ કામે આંક:-૯૨ થી રજુ થયેલ છે. એ વાત ખરી છે કે, આજરોજ મે જે સ્ટેટમેન્ટની કોપી રજુ રાખેલ છે તેમાં તા.૨૮/૦૬/૨૦૧૯ ના રોજ રૂા.૫,૦૦,૦૦૦/- ની એફ.ડી. વટાવેલ હોય કે રૂા.૫ લાખ ખાતામાંથી ઉપાડેલ હોય તેવી કોઈ એન્ટ્રી પડેલ નથી. તે વાત ખરી છે કે, એફ.ડી. વટાવીને આરોપીને રકમ આપેલ હોય તેવી કોઈ હકીકત મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ગ્રેજયુઈટીની જે રકમ આવેલી તે તમામ રકમ મારા બેંક એકાઉન્ટના ખાતામાં જમા થયેલી. મારુ પેન્શન રૂા.૨,૩૨૧/- આવે છે. એ વાત ખરી છે કે, આંક-૮૨ થી સરતપાસનું જે સોગંદનામું રજુ રાખેલ છે તે અમોએ જોઈ વિચારી અને સમજી ત્યાર બાદ સહી કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, મારા સરતપાસના સોગંદનામાના પેરા નં.૩ માં <u>એવી હકીકત લખેલ છે કે, અમોએ ઉઘરાણી કરતા તા.૮/૮/૨૦૧૯ ના રોજ કહેવાતો ચેક આપેલો.</u> એ વાત ખરી છે કે, તા.૮/૮/૧૯ પહેલા કહેવાતો ફરીયાદવાળો ચેક મારી પાસે ન હતો. એ વાત ખરી છે કે, મે આ કામે જે રીટર્ન મેમો રજુ કરેલ છે તે મેમો મારા ખાતાવાળી બેંકનો છે આરોપીની બેંકનો કોઈ રીટર્ન મેમો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે,

કોરબેંકીંગ હોવાથી અમારી બેંકે મેમો આપેલ છે તેવું મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તા.૧૩/૮/૧૯ ના રોજ અમોએ આરોપીને નોટીસ આપેલી. એ વાત ખરી છે કે, આ નોટીસ આપ્યા બાદ અમારે આરોપી સાથે કોઇ જ મળવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે, અમારે આરોપીને મળવાનું થયેલ નહી જેથી હાલની ફરીયાદ નામદાર કોર્ટમાં તા.૬/૧૧/૨૦૧૯ ના રોજ દાખલ થયેલી. એ વાત ખરી છે કે, આ કામના આરોપી વિરૂધ્ધ મે રૂા.૮,૦૦,૦૦૦/- ના ચેકનો કેસ નં.૧૪૫૨/૨૦૧૯ નો કરેલો. જે ચાલી જતાં આરોપીને સજા થયેલ છે. એ વાત ખરી છે કે, ફો.કે.નં.૩૫૨/૨૦૧૯ માં તા.૧૦/૮/૨૦૧૯ ના રોજ આરોપીને રૂા.૮,૦૦,૦૦૦/- આપેલાની હકીકત મારી ફરીયાદમાં જણાવેલ છે. એ વાત ખરી છે કે, હાલની ફરીયાદમાં આરોપીને તા.૨૮/૦૬/૨૦૧૯ ના રોજ નાણાં આપેલાની હકીકત લખેલ છે. એ વાત ખરી નથી કે, સામાન્ય રીતે આગળનું કોઇ લેણું બાકી હોય તો ત્યાર બાદ તે વ્યકિતને બીજી રકમ ઉછીની ન અપાય. એ વાત ખરી છે કે, આ કામે મે જે પોલીસ ફરીયાદની નકલ રજુ કરેલ છે તેમાં ફરીયાદ સ્વીકાર્યા અંગેનો પોલીસ સ્ટેશનનો કોઇ સહી સીકકો નથી. એ વાત ખરી છે કે, સને ૨૦૧૦ પછી માયકો કોમ્પ્યુટરાઇઝ ચેકો આવેલા. એ વાત ખરી છે કે, સને ૨૦૧૦ માં નવા ચેકો આવતા જુના ચેકો રદ કરી નવી ચેકબુક લેવાની થતી. એ વાત ખરી છે કે, નવી ચેકબુકમાં ખાતાધારકનું નામ ટાઇપ થઇને આવેલ છે. એ વાત ખરી છે કે, આંક-૬૫ વાળા ચેકમાં ચેક લખી આપનારનું નામ ટાઇપ થયેલ નથી. એ વાત ખરી છે કે, કોઇ પણ વ્યકતી ને રૂ. ૨૦,૦૦૦/- કરતા વધુ રકમ આપવી હોય તો ચેકથી આપવી પડે તે હું જાણુ છુ. એ વાત ખરી છે કે, મે આ કામના આરોપીને ચેક થી રકમ આપેલી નથી. હું પાનકાર્ડ ધરાવુ છુ. હું ઇન્કમટેક્ષ રીટર્ન ભરુ છુ તેમ જણાવી સને-૨૦૧૮-૨૦૧૯ તથા સને-૨૦૧૯-૨૦૨૦ ના આઇ.ટી. રીટર્ન ફોર્મ કોર્ટમાં રજુ કરેલ છે જે આ કામે આંક:-૯૫ અને આંક:-૯૬ થી રજુ થયેલ છે. એ વાત ખરી છે કે, આજરોજ રજુ કરેલ ઇન્કમટેક્ષ રીટર્ન વેરીફીકેશન ફોર્મમાં આરોપીને સને-૨૦૧૮-૨૦૧૯ અને સને-

૨૦૧૯–૨૦૨૦ ના વર્ષમાં કોઈ રકમ આપેલ હોય તેનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારી પાસે ફરીયાદમાં જણાવ્યા મુજબની કોઈ રકમ હાથ ઉપર ન હતી કે આરોપીને આવી કોઈ રકમ આપેલ ન હતી જેથી આઇ.ટી.રીટર્ન ફોર્મમાં આ રકમ બતાવેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે કોઇ વ્યકતી સહી કરતી હોય તો અંગુઠો ના કરે અને અંગુઠો કરતો હોય તો તે સહી ના કરે. એ વાત ખરી છે કે, મે આ કામે આરોપી વિરૂધ્ધ રૂા.૮,૦૦,૦૦૦/– ના ચેકનો કેસ કરેલ હતો. એ વાત ખરી નથી કે, આરોપીને રૂા.૮,૦૦,૦૦૦/– આપેલા તે સમયે આરોપી પાસેથી મે પાંચ ચેક લીધેલા. એ વાત ખરી નથી કે, આરોપીને મે રૂા.૮,૦૦,૦૦૦/– આપેલા તે સમયે હાલમાં ફરીયાદવાળો ચેક મારી પાસે ન હતો. એ વાત ખરી છે કે, આંક–૬૫ વાળા ચેકમાં સહીના અક્ષરો તથા તેમાં લખેલ અન્ય લખાણના અક્ષરો અલગ અલગ છે.

(૧૧) સદર કામે રજુ થયેલ ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને રાખી ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં પેરા–૩ માં એવું જણાવેલ છે કે, ફરીયાદીએ આરોપી પાસે નાણાંની ઉઘરાણી કરતા આરોપીએ તા.૮/૮/૧૯ ના રોજ આરોપીના ધી દેના બેંક લી. લાંબડીયા શાખાના ખાતાનો ખાતા નં.૦૩૩૪૧૦૦૦૧૬૯૯ નો ચેક નં.૬૬૭૮૨૦ તા.૭/૮/૧૯ ની પાકતી તારીખનો રૂા.૩,૦૦,૦૦૦/– નો ફરીયાદવાળો ચેક ફરીયાદીને લખી આપેલ. જયારે ફરીયાદીએ તેમના આંક–૮૨ ના સરતપાસના સોગંદનામાના પેરા–૩ માં એવું જણાવેલ છે કે, ત્યાર બાદ મે આરોપી પાસે ઉપરોકત નાણાંની ઉઘરાણી કરતા આરોપી ધ્વારા તા.૮/૮/૧૯ ના રોજનો ચેક નં.૬૬૭૮૨૦, તા.૭/૮/૧૯ ની પાકતી તારીખનો રૂા.૩,૦૦,૦૦૦/– નો ચેક આપેલો. આમ, ફરીયાદી તેમની ફરીયાદમાં તથા સરતપાસમાં તા.૮/૮/૧૯ ના રોજ ફરીયાદવાળો ચેક આરોપીએ આપેલ હોવાનું જણાવે છે. જેથી માનવાને કારણ રહે છે કે, ફરીયાદવાળો ચેક તા.૮/૮/૧૯ ના રોજ લખી આપેલ ચેક તા.૮/૮/૧૯ ના રોજ કે ત્યાર બાદની તારીખે બેંકમાં જમા કરાવી

શકાય. જયારે ફરીયાદપક્ષે રજુ થયેલ આંક–૬૪ વાળી ચેક જમા કરાવ્યાની બેંકની કાઉન્ટર સ્લીપ ધ્યાને લેતાં ફરીયાદીએ ફરીયાદવાળો ચેક નં.૬૬૭૮૨૦ નો તા.૭/૮/૧૯ ના રોજ બેંક એકાઉન્ટ નં.૬૧૫૦૫૬૦૩૯૪૬૧ માં જમા કરાવેલ હોવાનું જણાય છે. આમ, તા.૮/૮/૧૯ ના રોજ લખી આપેલ ચેક એક દિવસ અગાઉ તા.૭/૮/૧૯ ના રોજ બેંક એકાઉન્ટમાં ફરીયાદીએ કેવી રીતે જમા કરાવેલ તે હકીકત શંકાસ્પદ બની જાય છે.

(૧૧.૧) આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આ કામના ફરીયાદીએ આ અગાઉ આરોપી ઉપર ફો.કે.નં.૧૪૫૨/૧૯ થી ચેક રીટર્નનો કેસ કરેલો. જે કેસમાં ફરીયાદીએ આરોપીને તા.૧૦/૮/૧૯ ના રોજ રૂા.૮,૦૦,૦૦૦/– હાથઉછીના આપેલાનું જણાવેલ છે. સદર રૂા.૮,૦૦,૦૦૦/– ની ઉઘરાણી કરતા આરોપીએ તા.૨૦/૯/૧૯ ના રોજનો ચેક આપેલો અને તે ચેક ફરીયાદીએ તા.૨૦/૯/૧૯ ના રોજ પોતાના ખાતામાં જમા કરાવતા આરોપીના ખાતામાં પુરતું બેલેન્સ ન હોય સદર કેસ તા.૨૧/૯/૧૯ ના રોજ પરત ફરેલો. સદર ફો.કે.નં. ૧૪૫૨/૧૯ નો ચાલી જતાં આરોપીને નામદાર કોર્ટ ધ્વારા સજા કરવામાં આવેલ છે. જયારે હાલની ફરીયાદમાં ફરીયાદીએ આરોપીને તા.૨૮/૬/૧૯ ના રોજ રૂા.૩,૦૦,૦૦૦/– આપેલાનું જણાવેલ છે અને આ રૂા.૩,૦૦,૦૦૦/– ની ઉઘરાણી કરતા આરોપીએ તા.૮/૮/૧૯ ના રોજ તા.૭/૮/૧૯ ના રોજની પાકતી તારીખનો ફરીયાદવાળો ચેક ફરીયાદીએ આપેલ હોવાનું જણાવેલ છે. સદર તા.૭/૮/૧૯ નો ફરીયાદવાળો ચેક ફરીયાદીએ તેમના ખાતામાં તા.૭/૮/૧૯ ના રોજ જમા કરાવતાં સદર ચેક તા.૮/૮/૧૯ ના રોજ પરત ફરેલ અને આરોપીએ તા.૧૩/૮/૧૯ ના રોજ રજી.પો.એડી.થી ચેક રીટર્ન થયાની નોટીસ આપતા જે નોટીસ તા.૧૬/૮/૧૯ ના રોજ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમ ચુકવી આપેલ નહી કે નોટીસનો કોઇ જવાબ પણ આપેલ નહી. આમ, ફરીયાદીની ફરીયાદની આ હકીકત ધ્યાને લેતાં જો આરોપીએ તા.૭/૮/૧૯ ના રોજનો આપેલ ચેક તા.૮/૮/૧૯ ના

રોજ આરોપીનું ખાતું બ્લોક થયેલ છે તેવા રીટર્ન મેમા સાથે પરત આવેલ હોવા છતાં પણ ફરીયાદીએ ફો.કે.નં.૧૪૫૨/૧૯ માં જણાવ્યા મુજબ તા.૧૦/૮/૧૯ ના રોજ રૂા.૮,૦૦,૦૦૦/- આરોપીને હાથઉછીના આપેલ તે હકીકત માની શકાય તેવી નથી. આમ, ફરીયાદીએ આરોપી પાસેથી અગાઉના વ્યવહાર પેટે લીધેલ ચેકનો દુરુપયોગ કરી આરોપી સામે ખોટી ફરીયાદ કરેલ છે. જયારે ફરીયાદી તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, ફો.કે.નં.૧૪૫૨/૧૯ વાળો વ્યવહાર અને હાલનો વ્યવહાર અલગ અલગ છે. ફરીયાદી અને આરોપી વચ્ચે ગાઢ સંબંધો હોઇ ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી આરોપી સાથે નાણાંકીય વ્યવહાર કરેલ છે. આરોપીએ ફરીયાદીને કાયદેસરની લેણી રકમ પેટે ફરીયાદવાળો ચેક લખી આપેલ છે. ફરીયાદીએ આરોપીને ચેક રીટર્ન થયાની આપેલ નોટીસનો કોઇ જવાબ પણ આપેલ નથી. જેથી આરોપીના વિ.વ.શ્રીની આ દલીલ માની શકાય એવી નથી.

બંને પક્ષકારોના વિ.વ.શ્રીની આ દલીલ ધ્યાને રાખી આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં તેમજ આરોપી તરફે રજુ થયેલ ફો.કે.નં.૧૪૫૨/૧૯ નું જજમેન્ટ ધ્યાને લેતાં ફરીયાદીએ તા.૧૦/૮/૧૯ ના રોજ રૂા.૮,૦૦,૦૦૦/- આરોપીને હાથઉછીના આપેલાનું જણાય છે. જયારે હાલની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદીએ ફરીયાદવાળો ચેક પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવતાં તા.૮/૮/૧૯ ના રોજ વગર સ્વીકારે પરત આવેલાનું જણાવેલ છે અને સદર ચેક રીટર્ન થયાની નોટીસ ફરીયાદીએ આરોપીને તા.૧૩/૮/૧૯ ના રોજ આપેલાનું જણાય છે. આમ, હાલની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક તા.૮/૮/૧૯ ના રોજ રીટર્ન થયેલ છે તેમ છતાં ફરીયાદીએ આરોપીને તા.૧૦/૮/૧૯ ના રોજ રૂા.૮,૦૦,૦૦૦/- હાથઉછીના આપેલ હોવાનું ફો.કે.નં.૧૪૫૨/૧૯ નું જજમેન્ટ જોતાં જણાઇ આવે છે. આમ, જયારે કોઇ વ્યકિત અગાઉની લેણી રકમ ચુકવવામાં નિષ્ફળ થાય અને તે વ્યકિતએ લખી આપેલ ચેક પરત ફરે તેમછતાં બે જ દિવસમાં તે વ્યકિતને કોઇ વ્યકિત રૂા.૮,૦૦,૦૦૦/-

જેટલી માતબર રકમ હાથઉછીની આપે તે હકીકત માની શકાય તેમ નથી.

(૧૧.૨) વધુમાં આ કામે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદીએ તેમની ફરીયાદના પેરા–૪ માં એવું જણાવેલ છે કે, અમો ફરીયાદીને આરોપીએ આપેલ ચેક અમો ફરીયાદીનું ખાતું ધરાવતી બેંક ધી સા.કાં.ડી.કો.ઓ. બેંક લી. ખેડબ્રહમામાં રજુ કરતા અમો ફરીયાદીનું ખાતુ ધરાવતી બેંકે સદરહું ચેક આરોપીનું ખાતું ધરાવતી દેના બેંક, લાંબડીયા શાખામાં સ્વીકારવા માટે મોકલી આપેલ, પરંતુ ચેક રજુ થયો તે સમયે આરોપીનું ખાતું એકાઉન્ટ બ્લોકના શેરા સાથે ફરીયાદીની બેંકના પત્ર સાથેનો ચેક ફરીયાદીને તા.૮/૮/૧૯ ના રોજ પરત મળેલ. આમ ફરીયાદીએ ફરીયાદવાળો ચેક ધી સા.કાં.ડી.કો.ઓ. બેંક લી., ખેડબ્રહમા શાખામાં ચાલતા પોતાના ખાતામાં જમા કરાવેલ હોવાનું જણાવેલ છે. આ કામે ફરીયાદીએ તેમની ઉલટતપાસ દરમ્યાન આંક–૯૨ થી પોતાના ખાતાવાળી ધી સા.કાં.જી.મ.સ.બેંક લી. ખેડબ્રહમા શાખામાં ચાલતા બેંક એકાઉન્ટના તા.૧/૬/૧૯ થી તા.૩૧/૩/૨૫ સુધીના સમયના સ્ટેટમેન્ટની કોપી રજુ કરેલ છે. જે આંક–૯૨ વાળી બેંક એકાઉન્ટના સ્ટેટમેન્ટની કોપી ધ્યાને લેતાં એકાઉન્ટ નં.૬૧૫૦૫૬૦૩૯૪૬૧ માં તા.૭/૮/૧૯ ના રોજ ડીપોઝીટ કરવામાં આવેલ ચેક નં.૬૬૭૮૨૦ (ફરીયાદવાળો ચેક) તા.૮/૮/૧૯ ના રોજ રીટર્ન થયેલાનું જણાય છે. આમ ફરીયાદવાળો ચેક રીટર્ન થયેલાની હકીકત સાબિત થાય છે, પરંતુ આંક–૯૨ વાળું બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ ધ્યાને લેતાં સદર ખાતું ફરીયાદીનું નથી, પરંતુ ફરીયાદીની પત્ની ઉષાબેન ભુપેન્દ્રકુમાર જાનીના નામનું છે. આંક–૯૨ વાળું બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક ફરીયાદીએ પોતાના બેંક એકાઉન્ટમાં નહી, પરંતુ પોતાની પત્નીના બેંક એકાઉન્ટમાં જમા કરાવેલાનું જણાય છે. આ ફરીયાદવાળો ચેક જમા કરાવેલ ખાતું ફરીયાદી અને ફરીયાદીની પત્નીનુ જોઇન્ટ એકાઉન્ટ છે તેવી કોઇ હકીકત ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. વધુમાં આંક–૯૨ વાળું બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ ધ્યાને લેતાં તેમાં

ખાતાધારક તરીકે ફરીયાદીનું નામ પણ જણાઇ આવતું નથી. આમ, ફરીયાદવાળો ચેક ફરીયાદીએ પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવેલ હોય અને તે રીટર્ન થયેલ હોય તેવું આંક–૯૨ થી રજુ થયેલ બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ જોતાં જણાઇ આવતું નથી.

સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક ફરીયાદીએ બે વાર બેંકમાં જમા કરાવેલ હોવાનું જણાઇ આવે છે. સદર કામે ફરીયાદી તરફે આંક–૬૪ થી રજુ થયેલ ચેક જમા કરાવ્યાની બેંકની કાઉન્ટર સ્લીપ ધ્યાને લેતાં તા.૭/૮/૧૯ ના રોજ ફરીયાદવાળો ચેક નં.૬૬૭૮૨૦ નો બેંક એકાઉન્ટ નં.૬૧૫૦૫૬૦૩૯૪૬૧ માં જમા કરાવેલાનું જણાય છે. જયારે ફરીયાદી તરફે આંક–૭૨ થી રજુ થયેલ ચેક જમા કરાવ્યાની બેંકની કાઉન્ટર સ્લીપ ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક નં.૬૬૭૮૨૦ નો તા.૨૦/૯/૧૯ ના રોજ બેંક એકાઉન્ટ નં.૬૧૫૦૫૬૦૧૮૫૭૭ માં જમા કરાવેલાનું જણાય છે. આમ, ફરીયાદવાળો ચેક બે અલગ અલગ બેંક એકાઉન્ટમાં અલગ અલગ તારીખે જમા કરાવેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ ચેક રીટર્ન થયાની જાણ કરતા ફરીયાદીના બેંકના પત્ર ફરીયાદી તરફે આંક–૬૬ અને આંક–૭૪ થી રજુ થયેલ છે. સદર બંને પત્રો ધ્યાને લેતાં તેમાં ફરીયાદીના બેંક એકાઉન્ટના નંબરનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે ચેક રીટર્ન થતાં કેટલી રકમ ફરીયાદીના ખાતામાંથી ડેબીટ કરવામાં આવેલ તે પણ જમા કરવામાં આવેલ નથી. જયારે ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં તેમાં પણ ફરીયાદીએ પોતાના કયા બેંક એકાઉન્ટ નંબરમાં ફરીયાદવાળો ચેક જમા કરાવેલ તે પણ જણાવેલ નથી.

(૧૧.૩) સદર કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી નાઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદવાળો ચેક પ્રથમ તા.૮/૮/૧૯ ના રોજ ફરીયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતાં સદર ચેક આરોપીએ પોતાનું ખાતું બ્લોક કરાવેલ હોય રીટર્ન થતા ફરીયાદીએ આરોપીને તા.૧૩/૮/૧૯ ના રોજ નોટીસ આપેલી. જે નોટીસ આરોપીને બજી ગયેલ તેમ છતાં આરોપીએ ફરીયાદીને ચેકની કોઇ રકમ ચુકવી આપેલ નથી. આમ,

આરોપીએ ફરીયાદી સાથે છેતરપીંડી કરેલ હોય ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ખેડબ્રહમા પો. સ્ટેશનમાં તા.૧૮/૯/૧૯ ના રોજ લેખીતમાં ફરીયાદ આપેલી અને તે ફરીયાદના કામે આરોપી અને ફરીયાદી સાથે સમાધાન કરવામાં આવેલું અને આરોપીએ પોતાનું બ્લોક કરાવેલ એકાઉન્ટ ખોલાવવાની બાંહેધરી આપેલી અને ચેક ફરીથી ફરીયાદીના ખાતામાં જમા કરાવવાનું કહેતા ફરીયાદીએ સદર ચેક બીજી વાર તા.૨૦/૯/૧૯ ના રોજ પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવેલ, પરંતુ આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ ન હોય ફરીવાર સદર ચેક પરત ફરેલો. આમ, આરોપીના કહેવાથી જ ફરીયાદીએ સદર ચેક બીજી વાર પોતાના ખાતામાં જમા કરાવેલ છે. આરોપી તરફે આ દલીલની વિરૂધ્ધમાં એવી દલીલ કરેલ છે કે, ફરીયાદીએ આ કામે આંક–૭૧ થી જે ફરીયાદ રજુ કરેલ છે તેમાં ખેડબ્રહમા પોલીસે સદર ફરીયાદ સ્વીકારેલ હોય તેવો રીસીવનો કોઇ સહી સીકકો કરવામાં આવેલ નથી. ફરીયાદી જણાવે છે તેવી ફરીયાદના કામે આરોપીને ખેડબ્રહમા પોલીસે પો.સ્ટેશનમાં બોલાવેલ નથી કે આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળો ચેક બીજી વાર ખાતામાં નાખવા જણાવેલ નથી. ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપી વિરૂધ્ધ ખેડબ્રહમા પો. સ્ટેશનમાં ફરીયાદ આપેલી તેવી કોઇ પણ હકીકત જણાવેલ નથી. ફરીયાદીએ ખોટી રીતે ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે ખોટી ફરીયાદ ઉભી કરી આ કામે રજુ રાખેલ છે. બંને પક્ષકારોના વિ.વ.શ્રીની આ દલીલ ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ થયેલ આંક–૭૧ વાળી ફરીયાદ ધ્યાને લેતાં જે ફરીયાદ પી.આઇ. ખેડબ્રહમા પો. સ્ટેશનના નામે લખવામાં આવેલ હોવાનું જણાય છે. સદર ફરીયાદ ખેડબ્રહમા પોલીસે સ્વીકારેલ હોય તેવો કોઇ સ્વીકાર્યા અંગેનો ફરીયાદમાં કોઇ સહી સીકકો નથી. ફરીયાદીની ફરીયાદ આધારે ખેડબ્રહમા પોલીસે આરોપીને પો. સ્ટેશને બોલાવેલ હોય અને ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન કરાવેલ હોય કે આરોપીનું કોઇ નિવેદન લીધેલ હોય તેવો કોઇ જ પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. વધુમાં સદર ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષે ખેડબ્રહમા પો. સ્ટેશનના કર્મચારીને સાહેદ

તરીકે તપાસી આ હકીકત પુરવાર કરવા પ્રયત્ન કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ચેક રીટર્ન થયા બાબતે ખેડબ્રહમા પો. સ્ટેશનમાં ફરીયાદ આપેલ હોય અને તે બાબતે ફરીયાદી અને આરોપી વચ્ચે પોલીસે સમાધાન કરાવેલ હોય તેવી કોઇ હકીકત ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ નથી. જેથી ફરીયાદીએ તા.૧૮/૯/૧૯ ના રોજ ખેડબ્રહમા પો. સ્ટેશનમાં આરોપી વિરૂધ્ધ લેખીતમાં ફરીયાદ આપેલી અને તે ફરીયાદના કામે ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થયેલ અને આરોપીએ ફરીયાદવાળો ચેક ફરીથી જમા કરાવવા ફરીયાદીને જણાવેલ હોય તે હકીકત માની શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદી પોતાનો કેસ પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૧૨) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપી રેકર્ડ ઉપરથી સંભાવનાની પ્રબળતા (Preponderance Of probabilities) ના સિધ્ધાંત આધારે પોતાનો બચાવ કે સદરહું તકરારી ચેક તેઓએ આ કામના ફરીયાદીને પોતાનું કાયદેસરનું દેવુ અદા કરાવ માટે આપેલ ન હતો તેવું પુરવાર કરી શકેલ છે. આમ, ફરીાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપી નં.ર નાએ આંક-૬ વાળો ચેક તેમના કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે ફરીયાદીને આપેલો અને તેથી ફરીયાદી પુરવાર કરી શકેલ નથી કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' ઠરાવી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપી - **ગમાર હોમીરાભાઇ પોકતાભાઇ**, રહે.ઉબરવા (છોછર દેલવાડા), તા.પોશીના, જી.સાબરકાંઠા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ-ર૫૫(૧) અન્વયે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર

ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજ તા.૦૮ મી, માહે : જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૮/૦૬/૨૦૨૬
મુ.ખેડબ્રહમા.

(કે. જે રાઠોડ)
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ખેડબ્રહમા.
જજ કોડ નં.૦૦૮૭૫

//A.B.K.//